# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૧૮ ● સળંગ અંક : ૧૨૧ ● તા.૦૩ ઓક્ટોબર થી ૦૯ ઓક્ટોબર ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## અત્યાધુનિક ડિજીટલ મિડીયા સાથે

## જ્ઞાતિમૈયા

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

## આ અંક સાથે આપ

## લાઈવ વિડીયો

## પેજ નં.૬,૭,૧૬

## પરનું ક્લીક બટન

## દબાવો

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૧૮ • સળંગ અંક : ૧૨૧ • તા.૦૩ ઓક્ટોબર થી ૦૯ ઓક્ટોબર ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## સમસ્ત મહાજનના પ્લેટફોર્મ પરના ડિઝીટલ મિડીયાના સથવારે વેપારનો વિકાસ કરો અને આત્મનિર્ભય બનો

KDO BUSINESS

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરવો જોઈએ

જીવનના વહેણ સરળ કે સપાટ નથી વહેતાં. વાંકા, ચૂંકા, અટપટા થઈને પણ આખરે તે ગંતવ્ય સ્થાને પહોંચી જાય છે. સમયનું વહેણ પણ આવું જ એક વહેતું ઝરણું છે જે કાળ ખંડને વીંધી પોતાની લીલા પ્રસરાવી પ્રભાવ પાથરતો જાય છે. સમય સારો હોય કે ખરાબ તેને સમતા ભાવથી પસાર કરવો એ જ એનો એક માત્ર ઉપાય છે. ધીરજ રાખવા માટે સમય પસાર કરવો પડે છે. ઘણી વાર સારો સમય એની રાહ જોવામાં તક વડેફાઈ જાય છે. સુખનો કાળ જરૂર આવશે એ જોવામાં દુ:ખના કાળમાં શક્તિ સંચિત કરવી પડે છે એ થઈ શકતી નથી અને સારો સમય હાથમાંથી સરી જાય છે. બહુધા માણસો સુખનો સમય આવે એની રાહ જોવામાં પૂરી જિંદગી ખપાવી દે છે અને જ્યારે સારો સમય આવે છે ત્યારે એને પૂરેપૂરો માણી શકતો નથી.

માનવી મર્કટનું મોર્ડન રૂપાંતર છે એ નૃવંશી જાણકારો એ સાબિતી કર્યું છે. શરીર રૂપાંતરિક થઈ ગયું પણ મન હજી ચંચળ, ઉછળતું, કુદતું જ રહ્યું છે. તે બદલાયું નથી. બીજાઓની જિંદગી જોઈ જોઈને પોતાની જિંદગી આવી હોય તેની કામના કરે છે. પણ આખરે મૃગ જળ જેવી જિંદગી પામે છે. જિંદગીનું એ મોટું સત્ય છે કે જીવનમાં બધાને બધું જ મળતું નથી. માણસને અભાવથી નફરત થાય છે પણ અભાવને મોકળા મનથી સ્વીકારી શકતો નથી જેવું મળ્યુંછે એનો ખુલ્લા મનથી સ્વીકાર કરી શકતો નથી. એકલો માણસ પરિવારના સહવાસની ઝંખના રાખે છે. અઢળક સમય વીતી જાય તો પણ ચોકઠું ન ગોઠવાય એટલે હારી થાકીને અન્યની પારિવારીક જિંદગીમાં ડોકિયું કરી અફસોસને મળવાવતો રહી જાય છે. જ્યારે પરિવાર સાથે જીવતો માણસ એકલો રહે એવી સ્પેસ શોધતો રહે છે. તેને એકલા રહેતાં માણસની ઈર્ષા થાય છે અને અકળામણ, રૂંધામણ રાખી બેળે બેળે જિંદગીમાં ઢસડાતો રહે છે. આ વેઠવારી જિંદગી તેને સુખરૂપે જીવવા દેતી નથી.

આ બંન્ને પોતાની ભાગે આવેલી જિંદગીને સાચવી, સંભાળી જીવી શકતા નથી. બંન્ને સુખ પામી શકે છે તે છતાંય સુખ ભોગવી શકતા નથી. બંન્નેને પોતાને ભાગે આવેલી જિંદગીથી અસંતોષ છે. આ સુખ નથી ભ્રમ્રણાનો મોહ પાશ છે. સુખી તો માણસ એ સમય અને સંજોગોને ઓળખીને થવું પડે છે. દરેક પરિસ્થિતિને સ્વીકારી સમયના પ્રમાણે સાનુકુળ થવું પડતું હોય છે. આપણા ભાગે આવેલી જિંદગીનો સમય સંતોષથી, આનંદથી જીવતા નથી આવડતું એટલે વહેલા થાકી હતાશા અનુભવે છે અને પરેશાનીમાં પોતાના સ્વભાવ વિરૂધ્ધનું વર્તન કરીને આજુબાજુવાળાને દુશ્મન બનાવી બેસે છે. મગજનો પારો સાતમા આસમાને પહોંચાડી અન્યને નુકસાન પહોંચાડી બેસે છે.

સમય અને સંજોગને સ્વીકારી પરિસ્થિતિને જાણી સમજી ઉદારતાથી સ્વીકાર કરી લે તો એક સુખી જીવન જીવતો ઈન્સાન બની શકે છે. આત્મ સંતોષી માનવી સુખી, સરળ અને ખુશહાલ થઈ જિંદગી જીવી જાય છે. પણ દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરવા જેટલો સભાન કોઈ થઈ શકતું નથી. એ જ તો આજના માનવની ખામી છે.

– જય જ્ઞાતિમૈયા

# માનવી માનવ થાય તોય ઘણું

માનવીમાં મૈત્રી અને પ્રેમ ભાવ હોવા જરૂરી છે. આ માટે મહત્વના ચાર સોપાન છે. કરૂણા, સંવેદના પ્રસન્નતા અને ઉદારતા. આ ચાર સોપાન ક્રમશ ચડતાં ચડતાં આપણું જીવન એ હદે શુધ્ધ, સાત્વિક થશે કે ત્યારે જે કંઈ કરીશું તે સારું થશે. આ ચાર સાથે વિચાર અને વર્તન પણ સારા થશે. આંખોની દૃષ્ટિ બદલાઈ જશે. આંખોની નજર નિર્મળ થશે. સૌ જીવો પ્રત્યે નિરખવાનો ભાવ બદલાઈ જશે.

મૈત્રીનો ભાવ પ્રગટશે તો રાગ, દ્વેષ, ઘૃણા અને વેરઝેર ખતમ થશે. કરૂણા ભાવ પ્રગટ થવાથી ક્રુરતા, હિંસા અને નફરત જડમૂળથી નાબૂદ થશે. પ્રસન્નતાથી ઉદાસી, વિષાદ અને સંતાપ મટી જશે અને ઉદારતા આગમન કરશે તો દિલ વિશાળમય બનશે. કૃપણાતા હણાઈ જશે. ઈર્ષા, અદેખાઈ આપોઆપ નામશેષ થઈ જશે.

જિંદગીમાં હંમેશા સારા અને નરસા વચ્ચે દ્વંદ્વ ચાલે છે. હિંસા-અહિંસા, પ્રેમ-દ્વેષ, સારું-નરસું, મિત્રતા-શત્રુતા, ઈર્ષા સામે ઉદારતા આમને સામને હોય છે. અજાણ્યા સાથે એટલું જલ્દી વેર થતું નથી જેટલું ઓળખીતા અને આપણા પોતાના કહેવાતા લોકો સાથે થાય છે. જેની સાથે રાત દિવસનો સંબંધ હોય છે. તેની સાથે જ વાંકું પડે છે અને વેરઝેરના બીજ રોપાય છે.

મૈત્રી અને મહોબ્બત નિસ્વાર્થ ભાવની હોવી જોઈએ. સ્વાર્થથી તો માત્ર વ્યવહાર જ રચાય છે. સાચી વાત મોંઢે કહી દેનારા આપણને અળખામણા લાગે છે અને વાદવાદી કરનારા આપણને વહાલા લાગે છે. માનવીને માનવ થવું અઘરું લાગે છે. બાકી અન્ય જીવોના ગુણધર્મ તે જલ્દી ગ્રહણ કરી લે છે અને એને રસ્તે ચાલી પણ નીકળે છે. માનવ અવતાર મળ્યો એ સદ્ભાગ્ય છે તે છતાંય માનવના ગુણધર્મ ગ્રહણ કરતાં તેને ગમતું નથી. આપણી સાથે પ્રેમ-મૈત્રી હેત લાગણી રાખનાર સાથે આપણા સારા સંબંધો રાખીએ છીએ. પરંતુ રાગ-દ્વેષ અને દુર્ભાવ રાખનાર પ્રત્ય કેમ ઉદાર થઈ શકતા નથી? સ્વાર્થને ત્યાગી, સ્નેહ સમર્પણના ગુણોને ઉજાગર કરી ખરેખરો માનવી તરીકે જીવીએ તો જ માનવ જન્મની સાર્થકતા છે. એટલે જ ફરી કહીએ કે માનવી માનવ થાય તો ય ઘણું.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સમસ્ત મહાજનના પ્લેટફોર્મ પરના ડિઝીટલ મિડીયાના સથવારે વેપારનો વિકાસ કરો અને આત્મનિર્ભય બનો

ભારતમાં છેલ્લા ૬ મહિનામાં જે કોરોના મહામારી પ્રસરી રહી છે તેના લીધે આપણી કોમ્યુનિટીને ઘણા અંશે માર પડવાનો છે જે એક તારણ બતાવે છે કેડીઓ જ્ઞાતિમાં મુખ્યત્વે ૨ પ્રકારના વેપારો હતા એક ટ્રાન્સપોર્ટ સર્વિસ અને બીજો કપાસનો જેમાં મુખ્યત્વે ૬૦ વર્ષથી ઉપરની વ્યક્તિઓ જોડાયેલી છે. જે આપણી યુવા પેઢી છે તે બધી નોકરીયાત વર્ગને વધુ મહત્વ આપે છે તેનું મુખ્ય કારણ છે કે આપણી જ્ઞાતિમાં જે સર્વેક્ષણ મળે છે તેમાં છોકરીઓ ડબલ ગ્રેજ્યુએટ છે અને તેમને સારામાં સારી કંપનીઓમાં જોબ ઓફર થાય છે અને સારામાં સારુ મહેનતાણું પણ મળે છે તેને જોતા આપણા યુવા પુરૂષો પણ નોકરીને વધુ પ્રીફર કરી રહ્યા છે આ મહામારીમાં દરેક ક્ષેત્રે અને દરેક વર્ગને બહુ મોટો ફટકો પડયો છે જે છેલ્લા ૬ મહિનાનું આપણે તારણ જોઈએ બીટુબીમાં તો નાના-મોટા ગૃહ ઉદ્યોગો ઘણા શરૂ થઈ ગયા છે જે એક આત્મનિર્ભય બનવા તરફ આગળ વધી રહ્યા છે જે બહુ સારી નિશાની કહેવાય. કહેવાય છે કે 'માણસ બુઢ્ઢો થાય છે પણ વેપાર ક્યારેય બુઢ્ઢો થતો નથી' તે સદાય જાગૃત હોય છે જે લોકો વેપાર ક્ષેત્રે જોડાયા છે તેમને આ લોકડાઉન દરમ્યાન ઘણા નવા રસ્તાઓ પણ મળી ગયા છે. આ રસ્તાઓ પર પહોંચવા માટે સૌથી સરળ માધ્યમ હોય તો તે ડિજીટલ ટેક્નોલોજી છે આ ટેક્નોલોજીનો ફાયદો એ છે કે જે આપણા માનનીય વડાપ્રધાનની વિચારધારા છે ડાયરેક્ટ મેનુફેક્ચરર ટુ યુઝર જેમાં તમે સીધા તમારા યુઝર સુધી પહોંચી શકો છો અને કાયમી ધોરણે વેપાર કરી શકો છો.

સમસ્ત મહાજનની બીટુબી પોર્ટલમાં આપે જોયુ હશે તો ૪૦૦૦થી વધુ નાના-મોટા વેપારીઓનું એક ગ્રુપ બની ગયું છે આ ગ્રુપને હવે કાયમી ધોરણે મજબુત કરવા માટે સમસ્ત મહાજનની મિડીયા ટીમ એ એક એવા માધ્યમનું શુભારંભ કર્યુ છે જેમાં આપને બહુ નજીવા ખર્ચે ડાયરેક્ટ આપના ક્લાયન્ટ સુધી પહોંચી શકશો. આ માધ્યમ એવું છે જેમાં ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર, વોટ્સએપ, ફેસબુક, યુટ્યુબ દરેકે દરેક ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંપર્ક કરી આપના વેપારનો વિકાસ કરવામાં મદદરૂપ થશે. હાલના તબક્કે સમસ્ત મહાજન જે કેડીઓ બીટુબી સમિતિ છે તે આપના વેપારને વેગ આપવા માટે પ્રયત્ન કરે છે. સર્વ નાના મોટા વેપારીઓને સમસ્ત મહાજનની મિડીયા ટીમ અને બીટુબી ટીમ દ્વારા રીક્વેસ્ટ કરવામાં આવે છે કે આ સાથે જે ફોર્મ આપવામાં આવ્યું છે તે ભરો અને બની શકે તો તમે જે પણ વેપાર કરતા હો તેની ૨ મિનીટનો એક વિડીયો બનાવી અને અમારા પ્રતિનિધિઓ ને મોકલવા કૃપા કરો જેથી જેમ બીજી કંપનીઓ બુસ્ટીંગ ચાર્જ આપી વેપાર વધારે છે તે જ પ્રમાણે બીટુબી અને મિડીયાના સથવારે નજીવા દરે તમે આનો લાભ લઈ શકો છો.

**મિડીયા સમિતિનો એક સંદેશ**




**વર્ષા લોડાયા - ૮૮૫૦૪૮૬૭૮૧**
**મનિષા લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪**

**ડિજીટલ મિડીયામાં જોડાવવા માટે ક્લીક કરો અને ફોર્મ ભરો**



# મોતિયાના ઓપરેશન પછી વગર ચશ્માએ જીવનનો આનંદ માણો !

- મોતીબિંદુ અને લેન્સ ઈમ્પ્લાન્ટ
- ચશ્માના નંબર ઉતારવા માટે સર્જરી
- નેત્રપટલ (કોર્નિયા) અને આંખનું પ્રતિરોપણ (ટ્રાન્સપ્લાન્ટ)
- ડાયાબીટીસ અને રેટિના
- આંખમાં સોજા અને Uveitis
- લેઝર્સ
- ઝામર (ગ્લુકોમા) ક્લિનિક
- વ્યવસાય સંબંધી આંખની સમસ્યાઓ
- આંખ સંબંધી કોસ્મેટિક સારવાર
- કોમ્પ્યુટર અને દ્રષ્ટિની સંભાળ
- આંખના જ્ઞાનતંત્રની સંભાળ (ન્યુરોલોજી)
- ચશ્મા અને કોન્ટેક્ટ લેન્સ ક્લિનિક
- જરૂરિયાતવાળા લોકો માટે શિબિર

તમારી સુરક્ષા એ જ અમારો ધ્યેય

CLICK HERE

**અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : 9082293425**

## Eyeheal
Complete Vision Care

સંગીતા સોલિટેર, ICICI બેન્કની ઉપર, સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
Tel.: 022-25918171, 25928171, 25938171
ઈમેલ : eyeheal.apt@gmail.com

**Because Your Eyes Deserve The Best**

# બાડમેર નગર સંઘમાં સિધ્ધિતપ તપસ્વીની મ.સા.ની શોભાયાત્રામાં સૌ ઉત્સાહપૂર્વક સામેલ થયા






બાડમેર નગરમાં પ.પૂ.સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં સિધ્ધિ તપ તપસ્વીની પ.પૂ.સાધ્વીશ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા.ની શોભાયાત્રા ઉલ્લાસભેર નીકળી હતી. જેમાં સંઘના શ્રાવક-શ્રાવિકોઓ ઉત્સાહભેર સહભાગ લીધો હતો અને ભાવ પ્રેમ દ્વારા મ.સા. પ્રત્યેની લાગણી દર્શાવી હતી.

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના કેસ નં.30 ની જરૂરી રકમ જમા થઈ ગઈ

સુથરી મલકાપુરના ૫૪ વર્ષીય દિનેશ હેમરાજ લોડાયાના પરિવારમાં ચાર જણ છે. તેઓ અને તેમના પત્ની હેન્ડીકેપ છે અને રોજગાર વિહોણા છે. ન કોઈ વીમા કવચ કે ન કોઈ બચતનો સહારો.

વર્ષો અગાઉ પગમાં ઈમ્પાલન્ટ કરાવેલ જેમાં ઈન્ફેક્શન થવાથી તાત્કાલિક સર્જરી કરવી જરૂરી હોતાં રૂા.૭૧ હજારની મદદ માટે મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી હતી.

દૈવયોગે પૂરે પૂરી રકમ જ્ઞાતિજનોના સહકારથી સંપૂર્ણ રકમ જમા થઈ જતાં સંજીવની યોજનાનો કેસ નં.30 હવે મેડિકલ સમિતિ દ્વારા બંધ કરાયો છે.

આ કેસમાં ઉદાર દિલ દાતાઓની ઉદારતાપૂર્વક અનુમોદના સહ આભાર અને ધન્યવાદ.

# પ્રિતેશ જયંતિલાલ મૈશેરી દ્વારા મુલુંડમાં લાયન્સ સર્વિસ વીક દરમ્યાન ઉત્તમ કામગીરી




**સેલ્ફી પોઈન્ટના મેન સ્પોન્સર પ્રિત ડિઝાઈનરવાળા જયંતિલાલ મૈશેરી અને રુદ્ર સેન્ટર**

આ વર્ષના લાયન્સ કલબ ઓફ મુલુંડના ડાયનામિક પ્રેસિડેન્ટ પ્રિતેશ મૈશેરી, ટ્રેઝરર મહેશ લોડાયા, રાજુલ પટેલ, જયંતીલાલ મૈશેરી, રીના મૈશેરી અને એચ.ડી. ફાયર પ્રોટેક્ટ પ્રા.લિ.ના સાથ સહકારથી સેવાકાર્યોની ધમાકેદાર શરૂઆત કરી હતી.

મુલુંડ રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં. ૧થી શુક્રવાર તા.૨ ઓક્ટોબર સવારના ૧૦.૩૦ કલાકે કરી હતી. જેમાં મુખ્યત્વે **સેલ્ફી પોઈન્ટ** બનાવવામાં આવ્યું હતું. આ સેલ્ફી પોઈન્ટના મુખ્ય ડોનર રુદ્ર સેન્ટર અને જયંતીલાલ મૈશેરી જેઓ પ્રિત ડિઝાઈનરના માલિક છે તેમની નિગરાનીમાં આ સેલ્ફી પોઈન્ટ બનાવવામાં આવ્યું હતું. સેન્ટ્રલ રેલ્વેમાં આ સર્વપ્રથમ સેલ્ફી પોઈન્ટ છે જેનું મુખ્ય આકર્ષણ આય લવ મુલુંડ લખીને લાયન્સ કલબ ઓફ મુલુંડની તકતી અને એક લાયનની ઈમેજ સાથે આકર્ષક સેલ્ફી પોઈન્ટ ઊભું કરવામાં આવ્યું છે. મુલુંડ ઉપનગરને ચાહનારા નાગરીકો, ખાસ કરીને યુવાવર્ગમાં, આ સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.







**નેકી કી દિવારના સ્પોન્સર રાજુલ પટેલ અને ભદ્રેશ પટેલ**

સર્વિસ વીકમાં અન્ય એક પ્રોજેક્ટ જે જરૂરીયાતમંદ લોકો માટે ખૂબ ઉપયોગી એવા પ્રોજેક્ટ અંતર્ગત મુલુંડ સ્ટેશન પર એક **વોલ ઓફ કાઈન્ડનેસ** બનાવવામાં આવી છે. જેને બીજી ભાષામાં નેકી કી દિવાર પણ કહી શકીએ. જે નાગરીકો પાસે એક્સેસ કપડા અથવા કોઈપણ વધારાની વસ્તુ હોય તે વ્યક્તિ આ વોલ ઓફ કાઈન્ડનેસ ઉપર રાખી જાય અને જેને જરૂર હોય તે વ્યક્તિ અહીંથી વિનામૂલ્ય પોતાને જોઈતા કપડાં કે અન્ય વસ્તુ લઈ જઈ શકે છે. આ પ્રોજેક્ટના મુખ્ય ડોનર રાજુલ પટેલ અને ભદ્રેશ પટેલ છે.

# પ્રિતેશ જયંતિલાલ મૈશેરી દ્વારા મુલુંડમાં લાયન્સ સર્વિસ વીક દરમ્યાન ઉત્તમ કામગીરી





**આકર્ષક પિંક લેડી ટોઈલેટના સ્પોન્સર રીના મૈશેરી**

સર્વિસ વીકમાં અન્ય પ્રોજેક્ટ અંતર્ગત મુલુંડ સ્ટેશન પર એક અતિ **આકર્ષક પિંક લેડી વોશરૂમ(ટાઈલેટ)** બનાવવામાં આવ્યું છે. આ ટોઈલેટના મુખ્ય માર્ગદર્શક વાસંતી મહેશ લોડાયા છે. આ ટાઈલેટની વિશેષતા એ છે કે આ ટાઈલેટ એજ મહિલાઓને વાપરવા મળશે જેમને માસિક ધર્મ આવ્યું હોય. આ પ્રકારનું પિંક ટાઈલેટ સેન્ટ્રલ રેલ્વેમાં પ્રથમ વખત મુલુંડમાં બનાવવામાં આવ્યું છે. આ ટોઈલેટના ડોનર શૈલેજા શાહ, રીના મૈશેરી, વાસંતી લોડાયા અને માયા કોઠારી છે.



**કોમ્પ્યુટર લેબના સ્પોન્સર એચડી ફાયર પ્રોટેકશન પ્રા.લિ.**

પ્રિતેશ મૈશેરી એ અનુધનિત આશ્રમ શાળા, ઝાપવાડી, મુરબાળ ખાતે રૂરલ એરિયાના આદિવાસી સ્કુલમાં વિદ્યાર્થીઓ સારુ અભ્યાસ કરી શકે તે માટે કોમ્પ્યુટલ લેબ રૂમનું એચડી ફાયર પ્રોટેક્શન પ્રા.લિ.ના સથવારે શરૂ કરવામાં આવ્યું હતું. આ કોમ્પ્યુટર રૂમમાં **૧૦ કોમ્પ્યુટરના સેટ, ૧ પ્રિન્ટર** અને કોમ્પ્યુટર લેબની લગતી દરેકે દરેક નાની મોટી વસ્તુઓ આપવામાં આવી છે અન્ય એક પ્રોજેક્ટમાં એચ.ડી. ફાયર પ્રોટેક્શન પ્રા.લિ.ના સંગાથે પાલઘરમાં આવેલ વાડા ખાતેની શિક્ષણ સંચાલિત શિક્ષણ સંસ્થામાં **કોમ્પ્યુટર લેબ જેમાં ૧૦ કોમ્પ્યુટર** જેમાં ૧ સાથે ૧૦ વિદ્યાર્થીઓ ભણી શકે તે સાથેનું સેટઅપ કરી આપવામાં આવ્યું છે. આ સર્વિસ વિકને સક્સેસ બનાવવા માટે અમિત ખોના, બીના ખોના, જયંત છેડા, રોપીન નાગડા, ભુપેન્દ્ર મોમાયા, ભાવિન લોડાયાનો વિશેષ સાથ સહકાર મળી રહ્યો હતો.

# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની દિવ્ય યોજનામાં નવા સહભાગી થનાર દાતોઓને ભાવપૂર્વક નમન







ઉદારતા એ માનવનો ઉત્તમ ગુણ છે. જે એક આદર્શ અને અલભ્ય બુધ્ધિગમ્ય સભ્યતાની નિશાની છે. જે અન્યોને માટે મિસાલરૂપી દૃષ્ટાંત આપી શકે છે. પોતાની માટે સૌ ધન વાપરી શકે છે પણ અન્ય પ્રત્યે અનુકંપા દાખવી તેમને મદદરૂપ થવું એ એક આપણી પવિત્ર ફરજ છે. આવી ભાવના કોઈક વિરલા દાખવી શકે છે.

સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની દિવ્યાંગ સમિતિમાં જ્ઞાતિ સમાજના ઘર દીવડાઓને મદદરૂપ થનાર દિવ્યાંગ પાલક-દિવ્યાંગ શક્તિદાતાઓની અઢળક અનુમોદના.

રૂા.૧ લાખ અનુદાન આપી કચ્છ તેરા-મુંબઈના એક સાધર્મિક પરિવારે દિવ્યાંગ પાલક તરીકે યોગદાન આપ્યું છે.



# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની દિવ્ય યોજનામાં નવા સહભાગી થનાર દાતોઓને ભાવપૂર્વક નમન







જ્યારે રૂા.૨૫ હજારનું ભંડોળ કચ્છ બાયઠ-ઘાટકોપરના શ્રી ઠાકરશી મેઘજી ગોશરે તેમના પત્ની સ્વ.શ્રીમતી પ્રમીલાબેન ઠાકરશી ગોશરના સ્મરણાર્થે તથા રૂા.૨૫ હજારનું ભંડોળ કચ્છ વાંકુ-નવી મુંબઈના એક સાધર્મિક સન્નારીએ આપી દિવ્યાંગ શક્તિ તરીકે સમાજજનોની વહારે આવ્યા છે.

આ નામાવલીમાં રૂા.૧૧ હજારનો ઉદારપણે ફાળો આપી માતુશ્રી કસ્તુરીબેન મૂળજી ખોના હસ્તે શ્રીમતી મીનલ ભરત ખોના, કચ્છ સુથરી-નવી મુંબઈ તથા રૂા.૧૦ હજારનો ઉદારપૂર્ણ રીતે ફાળો આપી વસંતભાઈ કરમશી વિકમશી ગામ જખો-હાલે દાદર મુંબઈએ પણ દિવ્યાંગ શક્તિ તરીકે પોતાનો યત્કિંચિત યોગદાન આપી ઉદારતા ભર્યું કાર્ય કર્યું છે.

શ્રી કે.ડી.ઓ.જૈન સમાજના દિવ્યાંગ પાલક-દિવ્યાંગ શક્તિ દાતાશ્રીઓ ની ભૂરી ભૂરી અનુમોદના.

# નેશનલ સ્કોલરશિપ સો ટકા મેળવવા ફોર્મ ભરવાનું માર્ગદર્શન કુણાલ ટી. ડાઘા વીડિયો દ્વારા આપેલ છે



પ્રી મેટ્રિસ પોસ્ટ મેટ્રિક નેશનલ સ્કોલરશિપ સો ટકા મેળવવા ફોર્મ ભરવા બાબતે માર્ગદર્શન વીડિયો દ્વારા સ્ટેપ બાય સ્ટેપ કુણાલ ટી. ડાઘા (ગોએરસમા-માંડવી) પધ્ધતિસર અને સરળ રીતે આપેલ છે. ફોર્મ ભરવા માટે છેલ્લી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ છે.

ફોર્મ ભરવા માટે સંપૂર્ણ માર્ગદર્શન આ દ્વારા મળે છે. દરેક વિસ્તારના જૈન વિદ્યાર્થીઓને મદદરૂપ થાય, સમજાય એ માટે યુઝર ફ્રેન્ડલી વીડિયો ખૂબજ મહેનતથી અને વિદ્યાર્થીઓને ઉપયોગ થાય એ રીતે તેમણે બનાવ્યો છે.

ભારત સરકારની આ વિદ્યાર્થીઓને માટે લાભકારી સ્કોલરશિપ યોજના વિષે જ્ઞાતિની સેવાભાવી સંસ્થાઓ આના લાભ વિષે પ્રચાર-પ્રસાર જ્ઞાતિજનોમાં કરે તો જરૂરતમંદ વિદ્યાર્થીઓ આનો સારો લાભ લઈ શકે.

સદર વીડિયો તૈયાર ભોજનની થાળીની જેમ તમારી સમક્ષ મૂકાયો છે. ફક્ત એને આ રોગવું આપણે પડશે.

લઘુમતિ જાનિ શિષ્યવૃત્તિ યોજનાની મહત્વપૂર્ણ જોગવાઈ ઓ વિષે પણ પ્રકાશ પાડતું માર્ગદર્શન વીડિયોમાં આપેલ છે.

વધુ માર્ગદર્શન મેળવવા કુણાલ ટી.ડાઘા, મો.ન.૯૭૨૪૬૩૯૫૬૫નો સંપર્ક કરવો.

# કોરોના સમયમાં સ્ટ્રેસના શિકાર ૫૦ જેટલા કેદીઓનું અક્સીર રીતે નિ:શુલ્ક માર્ગદર્શન કર્યું અલ્પાબેન ધરમશીએ



હાલનો માહોલ સર્વેને માટે કપરો કાળ જેવો છે. દરેક નાનો કે મોટો, રંક કે રાય આર્થિક સામાજિકને માનસિક રીતે મુસીબતની વચ્ચે સપડાઈ ગયો છે. વર્તમાન સમયમાં સંકટ ભોગવી રહ્યો છે તો ભવિષ્યનું વિચારી ધ્રુજી ઉઠે છે. શારીરિક રોગનો ઈલાજ થઈ શકે પણ મનોવિકારનો ઈલાજ કરવું એટલું આસાન નથી.

કોઠારા, પરેલ-મુંબઈ નિવાસી અલ્પાબેન ગૌતમ ધરમશી એક એક્ષ્પર્ટ કાઉન્સિલર છે. જે ભય, ડર, બીક જેવા માનસિક હાઉ જે વ્યક્તિમાં ઘર કરી જાય એમનો જડમૂળથી અક્સીર ઈલાજ કરે છે. તા.૨૫ જુલાઈના જ્ઞાતિમૈયા અંક નં.૧૧૧ પાના નં.૯ ઉપર તેમના વિષે વિસ્તૃત માહિતી આપી હતી. એ વખતે તેઓએ જ્ઞાતિજનોને નિ:શુલ્ક માર્ગદર્શન આપશે એવી પહેલ કરી હતી. એ પછીના માત્ર અઢી ત્રણ માસના ગાળામાં ૫૦ જેટલા કેદીઓની તેઓએ ઉપયોગી કાઉન્સિલિંગ આપ્યું છે. આ ઉપરાંત તેઓ ઘણા વેબિનાર કર્યા છે.

જેની લિંક 1) https://youtu.be/8QLzzpJ9SSE
https://youtu.be/NifXR_dvENY
2) https://youtu.be/U24cWCAu5nw
3) https://youtu.be/7OAKMYa9WKU
4) https://youtu.be/38Z7aTg2kj0
5) https://youtu.be/-1BzCTU5u5A
6) https://youtu.be/KfZ05S5Vnco
7) https://youtu.be/soC2VX7vhZU
8) https://youtu.be/9XlE7jl03K0
9) https://youtu.be/0i0i7j-bLz4

હવે પછીનો આગામી વેબિનારની લીંક https://www.youtube.com/channel/UC1xhQtmjbHMUixfPrD45OPg છે. વધુ માહિતી માટે તેમનો સવારે ૯ થી ૧૦ વચ્ચે વોટસએપ નં.૯૫૯૧૨૭૯૦૩૬ અને pehechaancounselling@gmail.com, http://www.facebook.com/pehechaan પર સંપર્ક કરી શકે છે.






1-10



2-10

# જ્ઞાનપ્રેમીઓ માટે યુવા મુનિ શ્રી ગુણવલ્લભજીસાગરજી મહારાજ સાહેબ દ્વારા વિશેષ વાંચન ઉપહાર

અચલગચ્છીય છઠા સ્મરણ ૐ નમો દેવ દેવાય સ્તોત્ર ઉપર યુવા મુનિશ્રી પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા. દ્વારા અદ્‌ભૂત લેખનશૈલીમાં લખાયેલ ૨૫ પાના જેમાં વિસ્તૃત વિવેચનમાં જ્ઞાનપિપાસુઓને અનેક ગુપ્ત અને રહસ્યમય વાતો જાણવા અને સમજવાને મળશે તથા આ સ્તોત્રનો મહિમા અને પ્રભાવ પણ વિશેષ રૂપે ખબર પડશે.

આ પીડીએફ ફોર્મેટની ફાઈલ સૌ કોઈ જરૂર વાંચે તેમજ અન્ય જ્ઞાન પ્રેમી ધર્મ જિજ્ઞાસુ ધાર્મિક ભાવવાળા વ્યક્તિઓને જરૂરથી મોકલે. પીડીએફ ફાઈલની લીંક જોવા માટે લીંક ઉપર ક્લીક કરીને જુઓ https://drive.google.com/file/d/1_mGL48A7yyKmnVn7cazdc1J4AGND7PCA/view?usp=sharing

---

# યુવા મુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની અર્હમ મૌન સાધનાના સમયકાળમાં વધારો થયો

યુવા મુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની ૧ માસની અર્હમ મૌન સાધના થાણા નગરીમાં શરૂ છે. હવે આ સાધના ૪૫ દિવસ ચાલશે. પૂજ્ય ગુરૂદેવ શ્રીની આ તપ સાધનાની પૂર્ણાહૂતિ અને પારણા તા.૧૮ ઓક્ટોબર રવિવાર દિવસે થવાની સંભાવના છે.

આ તપ આરાધના-સાધના સફળ તથા સાર્થક બને અને આત્મકલ્યાણકારી બને એજ શુભકામના. જય ગુરૂદેવ, વંદે સર્વોદયમ.

---



3-10



4-10

# કુ. નેહા મહેશ મોતા ને ભારત સરકારના અલ્પસંખ્યાંક કાર્ય મંત્રાલય દ્વારા મેરીટ કમ મિન્સ (MCM) સ્કોલરશિપની ઉચ્ચત્તમ શિષ્યવૃત્તિ પ્રદાન અપાઈ



જલગામનાં મહેશભાઈ કાંતીલાલ ભવાનજી મોતા, કુઆપધ્ધરની સુપુત્રી ચિ. નેહા મહેશ મોતાને ભારત સરકારના કેન્દ્રીય વિભાગના અલ્પસંખ્યાંક કાર્ય મંત્રાલય દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ મેરીટ કમ મિન્સ (MCM) સ્કોલરશિપ અંતર્ગત રૂા. ૧૦.૬૦ લાખની શિષ્યવૃત્તિ પ્રદાન કરવામાં આવેલ છે.

સંભવતઃ કદાચિત આપણી સમગ્ર શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિમાંથી પ્રથમ જ આ દિકરી હોઈ શકે જેને આટલી મોટી સરકારી શિષ્યવૃત્તિનો લાભ પ્રાપ્ત થયેલ છે.

હાલમાં ચિ. નેહા ભારતની સર્વોચ્ચ શૈક્ષણિક સંસ્થાન I.I.M. દિકરીઓમાં સંભાવિત પ્રથમ દિકરી હોવાની સંભાવના તો ખરીજ!

આ પુર્વે તેનું શાળા અભ્યાસ પ્રોગ્રેસિવ ઈંગ્લિશ મિડીયમ સ્કુલ, જલગામથી દસમી સુધીનું થયું હતું તો બારમી સુધીનો અભ્યાસ મુળજી જેઠા કનિષ્ઠ મહાવિદ્યાલય, જલગામથી સંપન્ન થયો. ગવર્મેન્ટ કોલેજ ઑફ ઈન્જિનીયરીંગ, પુના (COEP) થી B.TECH ની ડિગ્રી ETC વિભાગમાંથી ૩જા ક્રમાંક સાથે મેળવી હતી.

ચિ.નેહા બાલ્ય વયને દિલ્હીની નેશનલ ટેલેન્ટ સ્કોલરશિપ (૨૦૦૯), NCERTની ઈન્સ્પાયર્ડ એવાર્ડ ૧૦મીમાં સ્કુલમાંથી પ્રથમ તો ધુલીયા-નંદુરબાર જિલ્લામાંથી પ્રથમ આવેલ હતી.

તેને મળેલા અદ્‌ભુતપૂર્વક સફળતાને જ્ઞાતિ સ્તરેથી અચરજ સાથે કૌતુક થઈ રહ્યું છે. આગળ પણ ભાવી જીવનમાં આમ જ ઉત્તરોત્તર પ્રગતીનાં પંથ સોપાન સર કરતી રહે એજ હાર્દિક શુભેચ્છાઓ.




5-10



6-10

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ મુલુંડ દ્વારા
# યુટ્યૂબ પર લાઈવ મહાકાલી માતાજીની ભાવના

વડીલોના માર્ગદર્શનથી સપ્ટેમ્બર ૧૯૬૭ના વર્ષેથી પ્રારંભ થયેલ અચલગચ્છઅધિષ્ઠાયી શ્રી મહાકાલી માતાજીની માસિક ભક્તિ ભાવનાને ૬૩ વર્ષ પૂર્ણ થયા. રવિવાર તા.૨૦ સપ્ટેમ્બર રાતે ૮.૩૦ કલાકે ઉજવણીના રૂપે આ મહિનાની ભાવનાનો લાભ મંડળના કારોબારી સભ્યો અને મહિલા વિભાગના સૌ સભ્યોએ લીધેલ.

ગીત, સંગીત અને રચના પ્રસ્તુત પ્રીતિ શાહ, અરવિંદ વેદાંત અને હંસકુમાર મૈશેરી એ કરી હતી. ભક્તિ ભાવના ૧ કલાક ૪૦ મિનીટની છે. જે ભક્તિ આરાધનમાં તરબોળ કરી દે છે.

**યુટ્યૂબ વિડીયો લીંક માટે નીચે ક્લીક કરીને જુઓ**

YouTube









# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● આદિપુર લોહાણા સમાજના સાંનિધ્યમાં ઈન્ટરનેશનલ લોહાણા સંસ્થા દ્વારા રઘુવંશી જ્ઞાતિજનો માટે ઓનલાઈન લ્યુડો સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ૧૯૬ સ્પર્ધકો એ ભાગ લીધો હતો. આ હરીફાઈમાં ગ્રુપ કોડના આધારે એન્ટ્રી અપાઈ હતી. એડમિન દ્વારા આવા ૪૯ ગ્રુપો વચ્ચે ઓનલાઈન રમત રમાડવામાં આવી હતી. છેલ્લે ફાઈનલ ચાર વિજેતા જાહેર કરાયા હતા.

● કચ્છના લગ્ન સંબંધિત વ્યવસાયકારોની કોરોનાના કહેરને લીધે થયેલ લોકડાઉનના લીધે કફોડી હાલત થઈ છે. લગ્નગાળામાં ઓરકેસ્ટ્રા પાર્ટી, સાઉન્ડ સિસ્ટમ, લાઈટ-મંડપ ડેકોરેશન, કેટરર્સ, વીડિયો-ફોટોગ્રાફી, બ્યૂટી પાર્લર, સોના-ચાંદી આભૂષણોના કારીગરો સતત વ્યસ્ત રહે છે. પણ ચાર માસથી આ વાયરસનો ગ્રહણ ક્યારે છૂટશે તેની કોઈને કલ્પના નથી. જે સામાન્ય શિક્ષિત છે તેઓ છુટક મજૂરી કામ કે કલર કામ તરીકે કામ કરે છે તો રીક્ષા-છકડા ચલાવવા શરૂ કર્યા છે. રોજના ૨૦૦ થી ૪૦૦ રૂપિયા મળી જાય એવા છૂટકપણે વેપાર વણજ કરી પોતાનું ગુજરાન ચલાવવા મજબૂર થયા છે.

● હાલ કોરોના મહામારીને લઈને દુકાન બજાર ઠપ થઈ જતાં સમગ્ર વ્યાપાર જગતનો વ્યવહાર થંભી ગયો છે. ભુજ તાલુકાના સુખપર ગામના એક ફોટોગ્રાફર છેલ્લાં ૨૦ વર્ષથી સ્ટુડિયો ચલાવે છે. પરંતુ કોરોનાને કારણે ફોટોગ્રાફીનો ધંધો ચોપટ થઈ જતાં અઠવાડિયે ફક્ત ૫ થી ૬ ફોટા પાસપોર્ટ સાઈઝ મળતા અને ભાડું કાઢવું મુશ્કેલ થતા તેમણે હિંમત હાર્યા વિના સ્ટુડિયોમાં શાકભાજીનો ધંધો શરૂ કરી દીધો. આમ વિકરાળ સમસ્યા સામે જાતે જ રસ્તો કાઢીને પ્રેરક રસ્તો કાઢી લીધો.

● લોકડાઉન સમયમાં જ્ઞાતિ બહેનોને આનંદ માણવા સાથે સમૂહમાં સમય પસારનો મોકો મળે એ કાજે ભુજના વડનગરા નાગર મહિલા મંડળ ભુજ આયોજિત ડિજિટલ મ્યુઝિકલ હાઉસીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભુજની ૧૯૦ જ્ઞાતિ બહેનો હોંશપૂર્વક જોડાઈ હતી અને હાઉસી રમીને સંગીતનો આનંદ લીધો હતો.

● નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે સંસ્થા પરિવારના સભ્યો દ્વારા ગુપ્તદાનથી કોરોના મહામારીના ઉપદ્રવને કારણે મુશ્કેલીમાં મુકાયેલા જરૂરતમંદ જૈન સાધર્મિક પરિવારોને રૂ.ત્રણ લાખની સહાય કરાઈ હતી. અગાઉ કરાયેલ સર્વે પ્રમાણે ૧૫૦ પરિવારોને ઘરે રૂબરૂ જઈ પ્રત્યેક કુટુંબ દીઠ રૂ.બે હજાર રોકડ રકમની સહાય કરાઈ હતી.

● આખું વિશ્વ કોરોના વાયરસ સામે લડી રહ્યું છે. ત્યારે ડોક્ટરો, નર્સ અને પેરામેડિકલ સ્ટાફની હિંમત અને સેવાની લગનને સલામ કરવી જોઈએ. ભુજની ડૉ. રૈના મુકેશ અનુપચંદ શાહ સૌથી વધુ અસરગ્રસ્ત અમેરિકામાં સતત સમર્પણ ભાવ સાથે કોરોના દર્દીઓની સેવા સારવાર કરી રહી છે. દિવસો સુધી ઘરથી દૂર રહે છે. ક્યારેક ઘરે આવે ત્યારે કારમાં બેસી રહે, જેથી પરિવારના સભ્યો તેને જોઈ શકે, વાતચીત કરી શકશે.

● કચ્છની તમામ ૬૩૧ ગ્રામ પંચાયતો દ્વારા ૧૫ લાખ જેટલા કાપડના માસ્ક બનાવવાનો ઓર્ડર મિશન મંગલમ યોજના સાથે જોડાયેલા ૨૨૩ જેટલા સખી મંડળની ૮૬૩ જેટલી બહેનો દિવસ રાત કામ પૂર્ણ કરવા લાગી છે. આ કામ દ્વારા ૧.૫૦ કરોડથી વધુની આવક સખી મંડળની બહેનોને મળી રહી છે.

## જીવન ઘટમાળ

**• જ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૯.૨૦૨૦ | ડોમ્બીવલી | કેવલ શૈલેશ ગોવિંદજી ધરમશી | સાંયરા | ૨૮ |
| | માલેગામ | મેઘના હરીશ ખીમજી મોમાયા | સાંયરા | ૨૫ |
| ૨૫.૦૯.૨૦૨૦ | જામનગર | અલ્પેશ હરેશ બાબુલાલ ખોના | ગોરખડી | ૨૮ |
| | જામનગર | નીધી તિલકચંદ ડુંગરશી નાગડા | પરજાઉ | ૨૪ |

**• જ્ઞાતિ સગપણ છુટા •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૦૯.૨૦૨૦ | મુલુંડ | વૈભવ મહેશ હીરજી લોડાયા | વાંકુ | ૩૧ |
| | વાપી | કૃતિકા શશીકાંત ખોના | સુથરી | ૨૭ |

# 'ધર્મશિક્ષા ફ્રોમ હોમ' વિષે પોઝિટિવ વિચાર અનુભવ

મૂળ જખૌ હાલે બેંગ્લોરના અમિષા રવિન્દ્ર મુનવર એ પોતાનો અંગત અનુભવ 'ધર્મશિક્ષા ફ્રોમ હોમ' વિશે એક વિડિયો મેસેજ દ્વારા વ્યક્ત કર્યો છે. જે સાંભળી સૌએ જાણવું જોઈએ. તેઓ કહે છે કે, 'હું આજે મારો એકસપિરિયન્સ આપ સૌની સમક્ષ શેર કરવા માંગુ છું. મારું એજ્યુકેશન બી.એ. વિથ કોમ્પ્યુટર સાયન્સ અને બી.એ. વિથ માર્કેટીંગમાં થયો છે અને ૧૫ વર્ષથી હું એક એનજીઓ સાથે સંકળાયેલી હતી. હાલે ઈન્વેસ્ટર રિલેશન હેડ તરીકે ઓર્ગેનાઈઝેશનમાં છું.'

કેટલા વરસોથી હું અફસોસ કરતી હતી કે મારા ઘર નજીક કોઈ દેરાસર નથી. હું મારા પુત્ર દેવને પાઠશાળા મોકલી શકતી નથી. હું કેવી રીતે તેને જૈન ધર્મ વિષે જ્ઞાન સમજણ આપું એ વિચાર કરતી હતી. આમ કરતા વર્ષ ૨૦૨૦ આવી ગયો. પણ આ વર્ષ તો આપણા સૌ માટે યુનિક જેવું રહ્યું છે. આ દિવસોમાં આપણે દરરોજના છ થી સાત કલાક આપણે મોબાઈલ સાથે વખત વિતાવીએ છીએ. અનેક પ્રવૃત્તિઓ ઓનલાઈન થઈ રહી છે. આ અલભ્ય સંધિનો અને ડિજિટલ મિડિયાનો લાભ લઈ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ નયનભાઈ ભેદાના નેતૃત્વમાં કેટલા ઈનેશિટિવ લોંન્ચ કર્યા છે.

આજે આપ સૌ સમક્ષ હું મારા અનુભવ શેર કરીશ કે મને આનાથી કેટલો ફાયદો થયો છે.

મુંબઈ મહાજન એ ઓનલાઈન પાઠશાળા વોટ્સએપ પર શરૂ કરી છે. જે સર્વત્ર આસાનીથી સૌ પાસે પહોંચે છે અને આમાં જૈન ધર્મનું પાયાનું જ્ઞાન મળે છે અને જૈન ધર્મ વિષે અવેરનેસ કરે છે. આ સરક્યુલર મેં વાંચ્યો મારો ભાઈ ઉમેશ ધરમશીએ મને વોટસએપ પર મોકલ્યો હતો. બે ત્રણ અઠવાડિયા વિચારી રજીસ્ટ્રેશન કરાવવા મેં મનોજભાઈને મેસેજ કર્યો મને એમ કે જવાબ આવતા એકાદ બે વીક ચાલ્યા જશે. પણ મને ખરેખર સરપ્રાઈઝ થયું કે મનોજભાઈએ તરત જ રીસ્પોન્સ આપ્યો. અને એના થોડા વખત પછી ઉર્વશીબેને મને તરત જ ફોન કર્યો અને કહ્યું આપ ક્યારથી શિખવાનું ચાલુ કરશો? હું આશ્ચર્યચકિત થઈ ગઈ પાઠશાળા ટીમનો અને મુંબઈ મહાજનની ટીમના એપ્રોચથી.

આવી રીતે મારી ધર્મની પાઠશાળાની જર્ની ચાલુ થઈ અને આમાં મારા પુત્રે દેવને પણ જોડ્યો. આપણે પોતે સમજીને જે આપણે કરી શકીએ તેનો સંતોષ અને અનુભવ કંઈક અલગ જ હોય છે. આ પાઠશાળામાં જોડાવવા તમને વિનંતી કરૂં છું અને મુંબઈ મહાજન, નયનભાઈ ભેદા અને ઉર્વશીબેનનો આભાર માનું છું ધન્યવાદ કહું છું. મને જ્ઞાન, સમજણ અને અદ્‌ભૂત અનુભવ આપવા બદલ. આપણે સૌ વર્ક ફ્રોમ હોમ WFH કરી રહ્યાં છીએ તેવી રીતે ધર્મશિક્ષા ફ્રોમ હોમ DFH આપણે કરીએ. ધન્યવાદ.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ભાવભીની શ્રદ્ધાંજલિ



ગીતા હરિશ લોડાયા
તા.૨૩ સપ્ટે. (ઉ.૫૯)
સાંયરા-રાયપુર



જયવંતી ભરત મોમાયા
તા.૨૧ સપ્ટે. (ઉ.૬૪)
વરાડીયા-સાંગલી



મણીબેન રાયમલ મોમાયા
તા.૨૪ સપ્ટે. (ઉ.૮૪)
સુથરી-મુલુંડ



પ્રવીણા પદમશી પટેલ
તા.૨૮ સપ્ટે. (ઉ.૮૧)
તેરા-નાગપુર



પુરબાઈ રાયચંદ મોમાયા
૨૫ સપ્ટે. (ઉ.૭૯)
સાંયરા-આદિપુર



જવેરચંદ પદમશી લોડાયા
તા.૨૦ સપ્ટે. (ઉ.૭૬)
કોઠારા-માનપુરા



અભય લક્ષ્મીચંદ લોડાયા
તા.૨૫ સપ્ટે. (ઉ.૪૭)
મોટી સીંધોડી-બીડ



હિરેન દામજી વિકમશી
તા. ૩૦ સપ્ટે (ઉ.૫૮)
રાણપર-બીલીમોરા



કિશોર ગોવિંદજી ખોના
તા.૨૪ સપ્ટે. (ઉ.૬૯)
જખૌ-મુલુંડ



ધનેશ નવીનચંદ્ર ખોના
તા.૨૭ સપ્ટે. (ઉ.૪૯)
વાકું-જલગામ



દિલીપ લાલજી લોડાયા
તા.૨૯ સપ્ટે. (ઉ.૬૧)
સાંધવ-ડોંબિવલી



વિજયાબેન દામજી મૈશેરી
તા.૨૮ સપ્ટે. (ઉ.૮૭)
જખૌ-આગાસી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્દગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com ♦ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO Gyatimaiya Weekly E-magazine KDO